ગ્રંથપંથ સબ જગત કે, બાત બતાવત તીન, રામ હૃદય, મનમેં દયા, તન સેવામેં લીન..

રાજ્યમાં વધુ ૩૬૭ નવા કેસ : અમદાવાદમાં ૨૪૭ : ગાંધીનગરમાં ૦૪

સાવચેત રહો સુરક્ષિત રહો

ગાંધીનગર સમાચાર

પાટનગરનું પોતાનું અખબાર

માસ્ક પહેરીએ
દો ગજની દૂરીનો અમલ કરીએ..
સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૭૯ | ૨૯ મે, ૨૦૨૦, શુક્રવાર; જેઠ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

પુલવામા પાર્ટ-૨ નિષ્ફળ : ૪૦૦ જવાનોની ઘાત ટળી

કોરોના મહામારી વચ્ચે પણ પાકિસ્તાનની નફ્ફટાઇ : બાતમીના આધારે ૩૦થી ૩૫ કિલો આઇઆઇડી વિસ્ફોટક સાથે કાર મળી આવી : અંધારાનો લાભ લઇ ડ્રાઇવર ફરાર : સુરક્ષાદળોએ કંટ્રોલ બ્લાસ્ટ દ્વારા દારૂ ગોળાનો નાશ કર્યો : કારનો કાટમાળ ૫૦ મીટર ઉંચે ઉછળ્યો : જૈશ, લશ્કર-એ-તોયબા અને હિઝબુલ સાથે મળીને આત્મઘાતી હુમલો કરવાની ફિરાકમાં, આતંકીઓ જંગ-એ-બદ્રના દિવસે જ હુમલો કરવાના હતાઃ પોલીસનો દાવો : સફેદ રંગની સેન્ટ્રો કારમાં વિસ્ફોટક ભર્યો હતો : પુલવામા-૧ના ૧ વર્ષ અને ૧૦૩ દિવસ બાદ પુનરાવર્તનનો આતંકીઓનો નિષ્ફળ પ્રયાસ

શ્રીનગર,તા.૨૮

૨૦૧૯ના પુલવામા આતંકી હુમલાના બરાબર એક વર્ષ અને ૧૦૩ દિવસ બાદ આજે ફરીથી પાક. પ્રેરિત આતંકીઓએ પુલવામા સ્ટાઈલ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે સ્થાનિક પોલીસ અને સુરક્ષા દળોએ ભરેલા સમયસરના પગલાને કારણે એ સંભવિત હુમલો નિશ્ફળ બનાવાયો હતો. સુરક્ષા દળો અંદાજે ૨૦ કિલો આઈઈડી વિસ્ફોટક દારૂગોળો ભરેલી કાર અટકાવવામાં સફળ થયા હતા. જો કે કારનો ડ્રાઈવર, સુરક્ષા દળો એ કાર પર ગોળીબાર કરતાં ભાગી જવામાં સફળ થયો હતો. દળોએ આ કાર જપ્ત કરીને કારને એક સૂમસામ જગ્યાએ લઈ જઈને તેમાં રહેલા દારૂગોળાનો નાશ કરીને ફરીથી પુલવામાનું પુનરાવર્તન થતું અટકાવ્યું હતું. અવાવરૂ સ્થળે કારને કન્ટ્રોલ બ્લાસ્ટ દ્વારા ઉડાવી દેવામાં આવી ત્યારે વિસ્ફોટ એટલો જોરદાર હતો કે કારનો કાટમાળ ઉછળીને ૫૦ મીટર ઉપર સુધી ઉછળ્યો હતો અને આસપાસના મકાનોની બારીઓ પણ તૂટી ગઈ હોવાનું સત્તાવળાઓએ જાહેર કર્યું હતું. જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા આ માહિતી ગુરુવારે સવારે આપવામાં આવી હતી. જૈશ-એ-મોહમ્મદ નામના આતંકી સંગઠને આ દારૂગોળો ભરેલી કારની જવાબદારી સ્વીકારી હતી.

દરમ્યાનમાં આઈજી વિજય કુમારે એવો દાવો કર્યો કે આતંકીઓ કાર બોમ્બ દ્વારા દેશના સીઆરપીએફના ૪૦૦ જવાનોને ઉડાવી દેવાનો બદ ઈરાદો ધરાવતા હતા. પરંતુ સુરક્ષાદળોએ તેમનું ષડ્યંત્ર નિષ્ફળ બનાવીને ફરીથી પુલવામા પાર્ટ-૨ ન થાય તેમાં સફળતા મેળવી છે. ગુરુવારે શ્રીનગરથી સીઆરપીએફની ૨૦ ગાડીઓનો કાફલો શ્રીનગરથી જમ્મુ પહોંચ્યો છે. પોલીસે આ હુમલામાં ત્રણ આતંકવાદીઓ સામેલ થયાનો દાવો કર્યો છે. તેમાં પહેલું નામ આદિલ, બીજાનું ફૌજી ભાઈ છે. ત્રીજો કારનો ડ્રાઈવર હતો, જેની પોલીસ તપાસ કરી રહી છે. પુલવામા હુમલાની જેમ આ કેસની તપાસ પણ એનઆઈએને સોંપવામાં આવી છે.

જમ્મુ કાશ્મીર પોલીસના આઈજી વિજય કુમારે કહ્યું કે "અમારી પાસે ઈનપુટ્સ હતા કે જૈશ-એ-મોહમ્મદના આતંકી આ કાર્યવાહી કરવાના હતા અને આ જંગ-એ-બદ્રના દિવસે જ કરવાના હતા. પરંતુ સેનાએ બાજ નજર રાખી અને ખૂબ જ સતર્કતા રાખી. સોનાના ઓપરેશનના લીધે તે કરી શકયા નહીં. સફેદ રંગની સેન્ટ્રો કારમાં વિસ્ફોટક ભર્યો હતો જેનું રજીસ્ટ્રેશન અને માલિક જમ્મુના કઠ્ઠાનો રહેવાસી હતો,જે આતંકી આ કાર ચલાવી રહ્યો હતો તેનું નામ આદિલ હતું.

ઉલ્લેખનિય છે કે, ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ, લોકસભા ચૂંટણીઓ પહેલા પુલવામામાં આતંકીઓએ અંદાજે ૨૫૦ કિ.ગ્રા. આઈઈડી દારૂગોળો ભરેલી કાર ત્યાંથી પસાર થઈ રહેલા સુરક્ષા દળોના કાફલા સાથે અથડાવતાં ૪૦ સૈનિકો શહિદ થયા હતા.. બાદમાં આ હુમલો ચૂંટણીમાં એક મુદ્દો બન્યો હતો.

એક તરફ ભારત કોરોના સામે લડી રહ્યું છે ત્યારે બીજી બાજુ જમ્મુ-કાશ્મિરમાં આતંકીઓ સક્રિય બન્યા હોય તેમ સુરક્ષાદળો પર હુમલાઓ કરી રહ્યાં છે. દરમ્યાનમાં, સ્થાનિક પોલીસ અને આઈબીને એવી જાણકારી મળી હતી કે કેટલાક આતંકી સંગઠનો ફરીથી પુલવામા જેવો હુમલો કરવાની ફિરાકમાં છે અને એક કારમાં ૨૦થી ૨૫ કિ.ગ્રા. જેટલો ઈમ્પ્રુવ્ડ એક્સપ્લોઝીવ ડિવાઈસ(આઈઈડી) દારૂગોળો લઈને કોઈ નિકળ્યા છે. પોલીસ અને સુરક્ષા દળોએ જાણકારીના

● અનુસંધાન પાન-૭ પર

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૫૮૩૭૪૯૯	૩૫૮૮૩૫	૨૫૧૯૧૧૩
ભારત	૧૬૪૯૩૪	૪૬૭૩	૭૦૧૦૨
ગુજરાત	૧૫૫૭૨	૯૬૦	૮૦૦૧
ગાંધીનગર	૨૪૧	૧૩	૧૩૬

પ્રવાસી શ્રમિકો પાસેથી ટ્રેન કે બસનું ભાડું ન લેવા સુપ્રીમનો હુકમ

ભોજન-પાણી પૂરું પાડવાનો સુપ્રીમ કોર્ટનો વચગાળાનો નિર્દેશ : રાજ્ય-કેન્દ્રશાસિત પ્રદેશની સરકારે આ ખર્ચ સહન કરવો જોઇએ

નવીદિલ્હી, તા. ૨૮

સુપ્રીમ કોર્ટે સ્થાળાંતરિત મજૂરો પાસેથી ટ્રેન કે બસનું ભાડું ન લેવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને આદેશ આપ્યો છે. તે ઉપરાંત મજૂરોને ટ્રેન કે બસમાં ખાવાની વ્યવસ્થા કરવા માટે પણ નિર્દેશ કર્યો છે. સર્વોચ્ચ ન્યાયાલયે વચગાળાના ચુકાદામાં નિર્દેશ આપ્યો છે કે, શ્રમિકોને વતન મોકલવા માટે તેમની પાસેથી બસ અથવા ટ્રેનનું ભાડું વસૂલવું જોઈએ નહીં. દેશમાં વિવિધ જગ્યાએ ફસાયેલા શ્રમિકોને ભોજન અને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા કહ્યું છે. શ્રમિકોની દયનિય સ્થિતિની નોંધ લેતાં સુપ્રીમ કોર્ટે સુઓ મોટો પર વચગાળાના નિર્દેશા આપતાં જણાવ્યું હતું કે, શ્રમિકો જ્યાં હોય ત્યાં જ રાજ્યો કે કેન્દ્રશાસિત પ્રદેશોએ તેમને જમવાનું તેમજ પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવી પડશે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ

● અનુસંધાન પાન-૭ પર

છેલ્લે... છેલ્લે...

- ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાને કોરોના પોઝિટિવ.
- છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અજીત જોગીની સ્થિતિ અતિગંભીર.
- દેશમાં ૩૬૭ ડોમેસ્ટીક ફ્લાઈટ દ્વારા ૩૦૧૩૬ પેસેન્જરોએ મુસાફરી કરી.
- ભારતે ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થીની ઓફર ફગાવી દીધી છે.
- કર્ણાટક સરકારે ગુજરાત, રાજસ્થાન, તામીલવાડુ, દિલ્હી અને મધ્યપ્રદેશથી આવતી ફ્લાઈટને મંજુરી આપી નહિ.
- દિલ્હી પોલીસે ૫૪૧ વિદેશી તબલીગી જમાતના મુલાકાતીઓ સામે એફઆઈઆર દાખલ કરી.
- ગુજરાત હોટલ ઈન્ડસ્ટ્રીઝ એસો.ના હોદ્દેદારોએ ૧લી જુનથી ટેક-અવેનો ટાઈમ રાત્રે ૧૧ વાગ્યા સુધી લંબાવવા રજૂઆત કરી.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

મહારાષ્ટ્ર	૫૯૫૪૬
તામીલનાડુ	૧૯૩૭૨
દિલ્હી	૧૬૨૮૧
ગુજરાત	૧૫૫૭૨
રાજસ્થાન	૭૯૭૬

દેશમાં એક સાથે ૪ જગ્યાએ કોરોનાની રસી તૈયાર થાય છે

૧૦૦થી વધારે વેક્સિન પર કાર્ય ચાલી રહ્યું છે : દેશમાં ૩૦ ગ્રૂપ વેક્સિન બનાવવાના પ્રયાસ કરી રહ્યા છે

નવી દિલ્હી, તા. ૨૮

કોરોના વાયરસના જંગ સામે ભારતને મોટી સફળતા પ્રાપ્ત થઇ છે. દેશમાં ત્રણ પ્રકારના ટેસ્ટ વિકસિત કરવામાં આવ્યા છે, જયારે ચોથાની તૈયારી પણ કરવામાં આવી છે. એક ટેસ્ટ આઈઆઈટી દિલ્હીએ વિકસિત કર્યો છે અને એક ચિત્રા ઈન્સ્ટીટયુટએ. ગુરૂવારે પત્રકાર પરિષદમાં જાણકારી આપવામાં આવી છે. ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર પ્રોફેસર કે વિજય રાઘવને કહ્યું હતું કે, દેશમાં ૩૦ ગ્રુપ છે જે કોરોના વેક્સિન બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આ બહુ જ રિસ્કી પ્રોસેસ છે. દુનિયામાં ઘણા લોકો વેક્સિન બનાવવાની વાત કરી રહ્યા છે પરંતુ કોઈને પણ ખબર નથી કે કોની વેક્સિન પ્રભાવશાળી હશે. જો વેક્સિન વેસ્ટ થઈ જાય છે તો નુકસાન પણ થાય

● અનુસંધાન પાન-૭ પર

વિશ્વમાં કેસો ૫૮ લાખને પાર

નવી દિલ્હી,તા.૨૮

કોરોના વાયરસના કારણે સમગ્ર દુનિયા ત્રાહિમામ પોકારી ચુકી છે. ૨૧૦ દેશોમાં કોરોનાએ આતંક મચાવ્યો છે અને હવે વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૫૮૧૪૬૮૭ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૫૮ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૨૫૧૫૪૯૦ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૯૪૧૨૧૮ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૩૫૭૯૭૯ ઉપર પહોંચી રહ્યો છે. મોતનો આંકડો પણ ત્રણ લાખથી ઉપર પહોંચી ચુક્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૫૨૯૩૧ પર પહોંચી ચુકી છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઈ રહી છે. દુનિયામાં વાયરસનો આતંક યથાવત રીતે જારી રહ્યો છે. કેસોની સંખ્યામાં આવિરતપણે વધારો થઈ રહ્યો છે. દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઈને ભારે ચિંતિત બનેલી છે. કોરોના વાયરસની વેક્સિન શોધવા માટે દુનિયાના તમામ વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ આશાનું કોઈ કિરણ હજુ સુધી દેખાઈ રહ્યું નથી. દુનિયાના તમામ દેશો અને નાગરિકો કોરોનાને કારણે ત્રાહિમામ પોકારી ગયા છે. દુનિયાભરમાં કોરોનાના વાયરસનો કહેર હજુ પણ યથાવતરીતે જારી રહ્યો છે. અમેરિકા, રશિયા, સ્પેન, ઈટાલી, યુકે, ફ્રાંસ, જર્મની અને ભારત પણ બચી શક્યું નથી. વિશ્વભરમાં કોરોના વાયરસનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. વિશ્વમાં સૌથી પ્રભાવિત દેશોમાં અમેરિકાનો સમાવેશ થાય છે. અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે.

દેશમાં ૨૪ કલાકમાં વિક્રમી ૧૯૪ના મોત

છેલ્લા ૨૪ કલાકમાં ૬૫૬૬ પોઝિટિવ કેસ : સંક્રમિતોનો આંકડો ૧,૫૮,૩૩૩ જ્યારે મૃત્યુઆંક ૪૫૩૧એ પહોંચ્યો : અત્યાર સુધી ૬૭,૬૯૨ દર્દીઓ સ્વસ્થ થયા જ્યારે રિકવરી રેટ વધીને ૪૨.૭૫ ટકા થયો

ન્યુ દિલ્હી,તા.૨૮

કોરોના વાઈરસના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે દેશ અને દુનિયાના મોટાભાગના વિસ્તારોમાં લૉકડાઉન સહિત અલગ-અલગ પ્રતિબંધો લાગૂ છે. જો કે હજુ સુધી કોરોના સંક્રમિતોની સંખ્યામાં કોઈ ઘટાડો જોવા નથી મળી રહ્યો. ભારતમાં પણ કોરોના વાઈરસા પોઝિટિવ કેસોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૫૬૬ નવા કેસ નોંધાયા છે. જ્યારે આ સમયગાળા દરમિયાન ૧૯૪ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જે એક દિવસમાં મોતને ભેટનારા લોકોનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. જોકે એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી દર ૪૨.૭૫ ટકા સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૬૬ લોકો કોરોના સંક્રમણને મહાત આપીને સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, આ સાથે જ અત્યાર સુધી દેશમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૧,૫૮,૩૩૩ પર પહોંચી ગઈ છે.